
૯ નવેમ્બર '૮૭ □ રૂ. ૨-૦૦

...પણ આપણું શેરબજાર અડીખમ?



# ચિત્રલેખા

વડાપ્રધાનનો વિદેશ પ્રવાસ

Page 49 to 52

## દુકાળમાં અધિક માસ





મદ્રાસ મેચ

## રિલાયન્સ કપ:

## પ્રારંભથી પૂર્વાર્ધ સુધી...





અમદાવાદ મેચ

# ઈડન ગાર્ડન્સની અનેરી કાયાપલટનો યશ એક ગુજરાતીને !

**રિલાયન્સ કપ સ્પોન્સર કરનાર ગુજરાતી, એ કપને નકશીદાર બનાવનાર ગુજરાતી અને હવે આ રસાકસીની જ્યાં પરાકાષ્ઠા સર્જાવાની છે તે કલકત્તાના ઈડન ગાર્ડન્સ સ્ટેડિયમને ઈજનેરી કૌશલ્યથી વિશ્વનું અજાયબ સ્ટેડિયમ બનાવનાર પણ અમદાવાદના એક ગુજરાતી જ છે !**

□ ભરત ઘેલાણી □ કિરણ રાયવડેરા

ઢળતી સાંજ. દિવસભર ગાજતાં રહેતાં વિશાળ લીલાંછમ્મ ઇડન ગાર્ડન્સમાં ક્રેઇન, પાવડા, હથોડા અને ઈંટ-પથ્થર ભાંગવાનો-ગબડાવવાનો કર્કશ અવાજ, મજૂરોનો કોલાહલ, કોન્ટ્રાક્ટર- સુપરવાઈઝરોના બૂમબરાડા થોડા કલાકો માટે વિરમી ગયા છે. એક લાખ લોકો બેસી શકે




તેવું વિરાટ સ્ટેડિયમ તદ્દન એકલું-અટૂલું સુનકાર પડ્યું છે. એક ખૂણે આઠ આનાનો સિક્કો પડે તો બીજે ખૂણે એનો રણકાર સ્પષ્ટ સંભળાય તેવો સન્નાટો છે. આવી સ્તબ્ધતા વચ્ચે 'ઠક્કઠક, ઠક્કઠક...'નો તાલબદ્ધ અવાજ ચોંકાવી દે છે. દૂર એક ઓછાયો હાથમાં વોકિંગ સ્ટીક સાથે સહેજ ખોડંગાતો નજરે પડે છે. ઢળતી સાંજના આછા અંધારામાં એના ચહેરા પર તૃપ્તિનું હાસ્ય છે. જંગી ઇડન ગાર્ડન્સ પર સતત દોડતી રહેતી નજરમાં કશીક ગૌરવવંતી સિદ્ધિ પ્રાપ્ત કર્યાનો ગર્વ ઝળકે છે. હોઠો પર સંતોષનું સ્મિત રમે છે. મેળવેલી સિદ્ધિ માટે એ ધારે



આર્કિટેક્ટ હસમુખ પટેલની અગિયાર મહિનાની સતત જહેમતનું પરિણામ.

તો મુક્ત મને બધાની સામે ખડખડાટ હાસ્ય રેલાવી શકવાનો એને હક્ક છે.

કલકત્તાની ગુલાબી ઠંડીવાળી ૨૯ ઓક્ટોબરની એ સાંજ છે. રિલાયન્સ કપની ફાઈનલને માત્ર ૨૪૦ કલાક એટલે કે ફક્ત ૧૦ દિવસ જ બાકી છે. જ્યાં ખરાખરીનો આખરી જંગ જામવાનો છે એ ઇડન ગાર્ડન્સને થોડાક મહિના પહેલાં ભૂતિયા સ્વરુપમાં જોઇને ભલભલાનાં હૃદય ધબકારો ચૂકી ગયા હતા. તે જ સ્ટેડિયમની માત્ર ૧૧ મહિનામાં જ કલ્પી ન શકે તેવી કાયાપલટ



ડૉ. બી.સી. રોય ક્લબ હાઉસનો મંત્રમુગ્ધ કરી દે એવો અદ્ભૂત કાયાકલ્પ જોઇને બંગાળના મુખ્ય પ્રધાન જ્યોતિ બાસુએ હસમુખ પટેલની પીઠ થાબડીને કહેલું : ચોમોત્કાર કોરલેન (તમે તો ચમત્કાર કર્યો).

આ ગુજરાતી આર્કિટેક્ટે કરી નાખી છે.

'વર્ષો પહેલાં આ જ ઇડનમાં મેં એક ટેસ્ટ મેચ જોઇ હતી. એ મેચ જોતી વખતે. શેખચલ્લી જેવો એક વિચાર મારા મનમાં ઝબકી ગયેલો : આવા જબરજસ્ત સ્ટેડિયમનું કામ મળે તો મઝા આવી જાય...'

૨૯ ઓક્ટોબરની એ સાંજે અમદાવાદની ફ્લાઇટ પકડતા પહેલાં પોતાનું લાડકું સર્જન કમને જાણે બીજાને સોંપી જતા હોય તેમ નીરવ સ્ટેડિયમ પર નજર ફેરવી લેતા હસમુખ પટેલ 'ચિત્રલેખા'ની મુલાકાતનો દૌર શરુ કરે છે.

વર્ષો પહેલાં ઝબકી ગયેલો પેલો શેખચલ્લી જેવો વિચાર અનાયાસ એક ઓફર બનીને એમની સામે આવ્યો હતો, પણ 'માત્ર મઝા જ આવી જાય' એવું એ કામ નહોતું. ૧૧ મહિના સુધી અમદાવાદ અને કલકત્તા વચ્ચે સતત શટલ કોકની જેમ ફંગોળાઇને, અજાણ્યો પ્રદેશ, અજનબી ભાષા અને માથાની નસો ફાટી પડે તેવી લમણાફોડ. લોહી ઉકાળા વચ્ચે એમણે પેલી ઑફર સાકાર કરવાની હતી. ખરા અર્થમાં વર્લ્ડ કપની વન-ડે મેચની જેમ ઝંઝાવાતી બેટિંગ કરવાની હતી.

આમેય આ ચોથા વર્લ્ડ કપ સાથે જોગાનુજોગ પહેલેથી જ ગુજરાતીઓને સારી લેણાદેણી રહી છે. વર્લ્ડ કપ સ્પોન્સર કરવાનું બીડું 'રિલાયન્સ'ના અનિલ અંબાણીએ ઝડપ્યું. આંખો આશ્ચર્યથી પહોળી થઇ જાય તેવો ઉત્કૃષ્ઠ કળા-કારીગરીવાળો બહુપ્રતિષ્ઠિત 'રિલાયન્સ કપ' ઘડવાની જવાબદારી મુંબઇના દિનેશ કોઠારીએ સફળતાપૂર્વક પાર પાડી તો વર્લ્ડ કપના ફાઇનલને જ છાજે તેવું સ્વર્ગ જેવું અફલાતૂન ઇડન ગાર્ડન્સ સ્ટેડિયમ નવેસરથી તૈયાર કરવાનું સાવ અશક્ય જેવું સપનું એક ત્રીજા ગુજરાતી હસમુખ પટેલે સાકાર કરીને દેખાડ્યું. ક્રિકેટની ભાષામાં કહીએ તો અનિલ અંબાણીએ ઇનિંગ ઓપન કરી. દિનેશ કોઠારીએ મિડલ ઓર્ડર બેટ્સમેનની ભૂમિકા ભજવી અને વન-ડેની છેલ્લી ઓવરમાં વિજય માટે જોઇતા રન હસમુખ પટેલે ફટકારી દેખાડ્યા !

ઇડન ગાર્ડન્સના પેવેલિયન સાથે સંકળાયેલા ક્લબ હાઉસમાં બેસીને મેચ નિહાળવા મળે એ ગજબની પ્રતિષ્ઠા ગણાય છે. દેશ-પરદેશના વી.આઇ.પી., ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ અને ક્લબના સંચાલકો, ખેલાડીઓના ગેસ્ટ, ફિલ્મ સ્ટાર્સ ઉપરાંત કલકત્તાના સુખી-સમૃદ્ધ પરિવારોના સભ્યો જે બ્લોકમાંથી મેચ નિહાળવા માટે પડાપડી કરે છે એ નવેસરથી ઓપ આપેલું ક્લબ હાઉસ અત્યારે સમગ્ર સ્ટેડિયમનું રુપેરું નજરાણું બની ગયું છે. વર્લ્ડ કપ ફાઇનલ માટે ઇડન ગાર્ડન્સમાં ધરખમ ફેરફારો કરવાનું નક્કી થયું ત્યારે ૮ થી ૯ આર્કિટેક્ટોની ઓફર મંગાવવામાં આવેલી. સાઠે-કોઠારી, બોઝ એન્ડ ઘોષ અને ચિત્તલ જેવી પંકાયેલી કન્સલટન્ટ કંપનીની સાથે હસમુખ પટેલનીય ડિઝાઇનો સિલેક્શન કમિટી સામે રજૂ થઇ. લગભગ દરેક આર્કિટેક્ટે મૂળભૂત રચના યથાવત રાખીને ક્લબ હાઉસની સિટિંગ કેપેસિટી વધારવા આજુબાજુની ગેલેરી-સીટો ક્લબ હાઉસમાં ભેળવી દેવાનું સૂચવેલું, પણ તેમ કરવા જતા ક્લબ હાઉસની કેપેસિટી ફક્ત દેખાવ પૂરતી જ વધતી હતી, જ્યારે હસમુખ પટેલે આ બધાથી સાવ જુદી પડતી ડિઝાઇનો સાથે જલદ સૂચનો મૂકેલાં.

'જો કે એ વખતે મને ભય હતો મારો 'બોલ્ડ પ્લાન' જોઇને ક્લબના સંચાલકો ભડકી ઊઠીને કહેશે : ના, ના... આટલા ટૂંકા ગાળામાં આટલું મોટું સાહસ ખેડવાની મૂર્ખામી ન કરાય, મેં તો મારા સૂચનો સાથે આપણી અસલ ગુજરાતી સ્ટાઇલમાં એમને કહેલું : હસવું અને સાથે લોટ પણ ફાંકવો હોય તો તે બંને કામ એક સાથે ન થાય, મહેરબાન !' અને હસમુખ પટેલની આ સ્પષ્ટ વાત પેલાઓને બંગાળના રસગુલ્લાની જેમ ગળે ઊતરી ગઇ. કોન્ટ્રાક્ટ એમને મળ્યો. આમેય આ ગુજરાતી આર્કિટેક્ટ અમદાવાદની વિખ્યાત રિવોલ્વિંગ 'પતંગ'રેસ્ટોરાં, દેના બેન્ક, સ્ટેટ બેન્ક ઉપરાંત ઝેવિયર્સની સંખ્યાબંધ ડિઝાઇનો માટે પંકાયેલા હતા જ. વર્ષો પહેલાં બંગાળ ક્રિકેટ એસોસિયેશનના જગમોહન દાલમિયા સાથે એમને એક પાર્ટીમાં પરિચય પણ થયેલો ત્યારથી દાલમિયા આ ગુજરાતીના કૌવતથી ભારે પ્રભાવિત પણ થયેલા. પણ અહીં, ક્લબ હાઉસ સહિત સમગ્ર સ્ટેડિયમને નવું રુપ આપવાનું હતું. આડેધડ તોડફોડ કરીને સ્ટેડિયમને રુપાળું જરુર બનાવી શકાય પણ એમ કરવા જતા ફાઇનલ વખતે સ્ટેડિયમની સિટિંગ કેપેસિટી ઘટવી નહીં પણ અચૂક વધવી જ જોઇએ એ વાત પણ ધ્યાનમાં રાખવાની હતી.

'ડૉ. બી. સી. રોય ક્લબ હાઉસ'ને નજાકતભર્યું બનાવવા ઉપરાંત એની કેપેસિટી ૧૫૦૦ થી ૩૦૦૦ સીટોની કરવા હસમુખ પટેલે એમનો કસબ કામે લગાડ્યો. ક્લબ હાઉસની હાઇટ માપી વચ્ચે સ્લેબ નાખી, જ્યાં પણ શક્ય હતું ત્યાં વધુ ને વધુ જગ્યા બચાવી વધુ દર્શકોને સમાવી લીધા. એટલું જ નહીં, ક્લબ હાઉસ તો સમગ્ર સ્ટેડિયમનો મોભ ગણાતો હોવાથી એ અલગ તરી આવે તે માટે અવ્વલ દરજ્જાના ખેલાડીઓનો ડ્રેસિંગ રુમ, અલગ પોર્ચ, પ્રવેશદ્વાર, કોરીડોર પણ કંડારી કાઢ્યા. અને ફાઇનલ મેચ માટેના ડ્રેસ રિહર્સલ રુપે બેસતા વર્ષના નવા દિવસે ન્યુઝીલેન્ડ-ઝિમ્બાબ્વેની મેચ માટે ઇડન ગાર્ડન્સના દ્વાર પહેલી વાર દર્શકો માટે ઉઘડ્યાં ત્યારે એક ગુજરાતીના હાથે પોતાના ઇડન ગાર્ડન્સનો મંત્રમુગ્ધ થઇ જવાય તેવો અદ્ભુત કાયાકલ્પ જોઇને કલકત્તાવાસીઓ દંગ રહી ગયા. કોઇ આર્કિટેક્ટની નજરે આમ તો ઇડન ગાર્ડન્સ એક જૂનું મકાન

ગણાય, જેમાં ફક્ત રિનોવેશન જ કરવાનું હોય, પણ હસમુખ પટેલે તો જૂના-વૃદ્ધ ખોળિયામાં યૌવન સિંચવાનું કામ કરેલું.

ન્યુઝીલેન્ડ-ઝિમ્બાબ્વેની મેચ જોવા આવેલા બંગાળના મુખ્ય પ્રધાન જ્યોતિબાબુએ હસમુખ પટેલની પીઠ થાબડીને કહેલું: ચોમોત્કાર કોરલેન! (તમે તો ચમત્કાર કર્યો) વર્લ્ડ કપ કમિટીના કન્વીનર બિન્દ્રાજીએ ઇડન ગાર્ડન્સ જોઇને કહ્યું: ઇટ'સ સિમ્પલી સુપર્બ! પત્રકાર તરીકે આવેલા બિશન સિંહ બેદી અને ભૂતપૂર્વ વિખ્યાત ઓલરાઉન્ડર ટ્રેવોર બેઇલીએ ઇડનને સ્વર્ગ સાથે સરખાવ્યું તો કલકત્તાના અંગ્રેજી દૈનિક 'ટેલિગ્રાફ' માટે વર્લ્ડ કપના અહેવાલ લેવા આવેલા વેસ્ટ ઇન્ડિઝના ક્લાઇવ લોઇડે ક્લિન બોલ્ડ થઇને કહ્યું: 'કાશ, આ સ્ટેડિયમને ઘડી વાળીને ખિસ્સામાં મૂકી હું મારે દેશ વેસ્ટ ઇન્ડિઝ લઇ જઇ શકું!!'

ન્યુઝીલેન્ડ-ઝિમ્બાબ્વેની મેચ થઇ ત્યારે ઇડન ગાર્ડનની ઝલક માત્ર જોઇને આભા બની ગયેલા કલકત્તાવાસીઓને ધરપત પણ થઇ ગઇ કે અમારું ઇડન ઉદ્યાન (મેદાન) આખરે વર્લ્ડ કપ ફાઇનલને છાજે તેવું સજ્જ થઇ ગયું છે. ઇડનની કાયાપલટથી અહીંના ક્રિકેટરસિકોમાં ફાઇનલ માટેનો ક્રેઝ (ગાંડપણ) પરાકાષ્ઠા તરફ વધતો જાય છે ત્યારે પોતાને આ પ્રોજેક્ટ મળ્યો તે વખતની વાત યાદ કરતા હસમુખ પટેલ કહે છે: 'આ કાર્યમાં વળતર કેટલું મળશે તેનો લગીરે મેં વિચાર કર્યો નહોતો. દેશ-પરદેશની ખ્યાતનામ વ્યક્તિઓની જેના પર મીટ મંડાઇ હોય એ ઇડન ગાર્ડન્સના વર્લ્ડ કપ ફાઇનલ સાથે હું સક્રિય સંકળાયેલો છું એનો ગર્વ જ મારા માટે મહત્ત્વનું વળતર હતું. સૌથી વિશેષ તો આવી આંતરરાષ્ટ્રીય ઘટના વખતે ગુજરાતની બહાર એક ગુજરાતી તરીકે મને મારું કૌવત-કસબ અજમાવવાની તક મળી એટલે એક જબરજસ્ત ધગશ હતી કે એવું કંઇક સર્જી બતાવું જેને લોકો વર્ષો સુધી દંગ રહીને દાદ આપ્યા જ કરે...!'

જો કે મઝાની વાત એ છે કે ઇડન ગાર્ડન્સની ડિઝાઇન માટે દંગ રહીને દાદ આપવા જેવા આ ગુજરાતી નિષ્ણાત આર્કિટેક્ટ હસમુખ પટેલ મેટ્રિકમાં બબ્બે વાર ફેલ થયા છે! પિતા પૂનાની એન્જિનિયરિંગ કોલેજના ગ્રેજ્યુએટ હોવાથી એમની ઇચ્છા એવી કે પુત્ર હસમુખ પણ આ પ્રકારના જ વ્યવસાયમાં પડે. આમેય શરૂઆતથી ડ્રોઇંગમાં હસમુખ પટેલનો હાથ બહુ જ સારો એટલે પિતા એને આર્કિટેક્ટ બનાવવા ઇચ્છતા હતા. આર્કિટેક્ટ બનાવવાનું બીજું કારણ એ કે હસમુખને



મેદાનમાં જ નહીં, મેદાનની બહાર પણ સ્ટેડિયમની સુંદર સજાવટ!

નાનપણમાં પોલિયો થવાથી એક પગ ખોડંગાતો. પિતા કહેતા આર્કિટેક્ટ બની જા તો કોઇ સરકારી નોકરીમાં ઠરીઠામ થઇ જવાય અને પોલિયાવાળા પગે બહુ દોડાદોડી ન કરવી પડે.

'પણ બંદા તો મેટ્રિકમાં જ બબ્બે વાર ફેલ થયા એટલે બાપુજી કહે: જા, ગામ જઇ બળદ-ભેંસના પૂંછડા આમળી ખેતી કર, તારાથી આર્કિટેક્ટ નહીં થવાય!'

આ ટકોર હૃદય સોંસરવી ઊતરી ગઇ હોય તેમ હસમુખે મેટ્રિકની પરીક્ષામાં ત્રીજી વાર નસીબ અજમાવ્યું અને ૩૩ ટકા મેળવીને મેટ્રિક માંડ પાસ કરી. અને પછી તો સફળતાના દ્વાર એક પછી એક ઊઘડતાં ગયાં. પણ એ દ્વાર ઉઘાડવામાં એમના કાકાની એક સોનેરી સલાહ નિમિત્ત બની હતી. કાકા કહેતા: ભ'ઇ, આ જગતમાં અશક્ય જેવું કંઇ જ નથી. મન મૂકીને ધગશથી કામ કરો તો બધું મળે. ચીલા ચાલુ ઇજનેર થવું એના કરતાં અવ્વલ દરજ્જાના કડિયા-મજૂર થવું વધુ સારું...

આ શબ્દો પર હસમુખ પટેલને એવી આસ્થા બેસી ગઇ કે અવ્વલ દરજ્જાના આર્કિટેક્ટ થઇને જ રહ્યા. અમેરિકા જઇને એમ. આર્ચની ડિગ્રી મેળવ્યા પછી આખી દુનિયા ખૂંદી વળેલા હસમુખ પટેલે અમદાવાદમાં પ્રેક્ટિસ શરૂ કરી અને સ્થાપત્ય-ડિઝાઇનની દુનિયામાં 'ટ્રેન્ડ સેટર'(નવો ચીલો પાડનાર) તરીકે નામ કાઢ્યું. ૨૦ વર્ષ સુધી અમદાવાદની 'સ્કૂલ ઓફ આર્કિટેક્ટ'માં પ્રોફેસરથી માંડીને ડીન અને ડાયરેક્ટરના માનદ્ હોદ્દા પર ફરજ બજાવનારા હસમુખ પટેલને વિદેશની યુનિવર્સિટીઓ તરફથી અવારનવાર લેકચરર તરીકેનું નિમંત્રણ મળતું જ રહે છે. પોતાના એક માત્ર પુત્ર અને પુત્રીને પણ હસમુખ પટેલે આ વ્યવસાયમાં જ પલોટી દીધાં છે.

આર્કિટેક્ટ ક્ષેત્રે ટ્રેન્ડ સેટર સાબિત થનારા હસમુખ પટેલે એમનો દેશ-પરદેશનો વિશાળ અનુભવ ઇડન ગાર્ડન્સની ડિઝાઇનમાં બ-ખૂબીથી કામે લગાડ્યો છે. સ્ટેડિયમમાં પ્રવેશતાં જ ઊડીને આંખે વળગે એવી કોઇ ચીજ હોય તો સ્ટેડિયમની ગેલેરી પર મઢેલાં નીલ રંગી ફાઇબર ગ્લાસનાં રુફ!

'આ ફાઇબર ગ્લાસનાં છાપરાંનો ક્રાંતિકારી આઇડિયા આવ્યો શી રીતે?'

જવાબમાં હસમુખભાઇ કહે છે કે 'કેટલાક ગ્રાઉન્ડ પર મેચ ચાલતી હોય ત્યારે મેચમાં થોડી ઘણી રસાકસી જામે કે દર્શકોમાં ઉત્તેજના અને રોમાંચ ફેલાઇ જતો હોય છે, પણ કેટલાંક સ્ટેડિયમ એવાં હોય છે જ્યાં ખરાખરીનો ખેલ જામ્યો હોય છતાં દર્શકોમાં ઉત્તેજનનો જ અભાવ હોય. સ્ટેડિયમનું વાતાવરણ આવે વખતે અગત્યનો ભાગ ભજવતું હોય છે. અહીં ઇડન ગાર્ડન્સની લીલીછમ્મ ટર્ફ, વિરાટ સ્ટેડિયમ ઉપરાંત ક્રિકેટ પાછળ ગજબના ઘેલા પ્રેક્ષકો હોવા છતાં એમાં ફક્ત એક એવું જ તત્ત્વ ઉમેરવાનું બાકી હતું જેનાથી ફાઇનલ મેચ વખતે સમગ્ર સ્ટેડિયમ ઉત્સાહ, ઉત્તેજનાથી ગાજી ઊઠે...'અને સ્ટેડિયમના વાતાવરણમાં રંગ દ્વારા રોમાંચ-તાજગીનું તત્ત્વ ઉમેરવા હસમુખ



વિશાળ એરકંડિશન્ડ પ્રેસ બૉક્સમાં ૨૧૦ પત્રકારોને માટે ટેબલ ટેલેક્સ, ટાઇપરાઇટર, ટેલિફોન ઉપરાંત સાત કલર ટીવી સેટ પણ ગોઠવવામાં આવ્યા છે. ચાર ભાષામાં કોમેન્ટ્રી સાંભળવાની વ્યવસ્થા પણ ખરી ! (તસવીરો : ભરત ઘેલાણી).

પટેલે અહીં નીલ રંગી રુફ બેસાડવાનો આઇડિયા લગાડ્યો. આ નિર્ણય લેવાયો ત્યારે ઘણાએ એલ્યુમિનિયમનાં પતરાંને રંગી આપવાની તૈયારી બતાવી, પણ હસમુખ પટેલ નમતું જોખવા તૈયાર નહોતા. નૈસર્ગિક પ્રકાશ મળે, ગેલેરીમાં બેઠેલા દર્શકોને સૂરજના કિરણો દઝાડે નહીં, ગરમી કે અકળામણ પણ ન થાય એવા ફાઇબર ગ્લાસના રુફ એમણે બેંગલોરથી મંગાવ્યાં. બેંગલોરની એક ફેક્ટરીમાં વિદેશી સહયોગ અને આધુનિક ટેકનિકથી તૈયાર થતાં આવા રુફ તો કલકત્તા આવી ગયા, પણ પછી હસમુખ પટેલને માથું ખંજવાળવાનો વખત આવ્યો. પ્રશ્ન એ ઊભો થયો કે ઉપર એને ફીટ કેમ કરવા ? દરેક ગેલેરી માટે ૧૧૦ થી ૧૧૨ ફૂટ લાંબા છાપરાં બેસાડવા પડે. થાંભલાને ટેકે રુફ બેસાડી શકાય પણ એમ કરવા જતાં સ્ટેડિયમમાં ઠેરઠેર થાંભલા ઊભા કરવા પડે, જે દર્શકોને નડતરરુપ બને, ઉપરાંત સીટો પણ ઓછી કરવી પડે... આ ગડમથલમાંથી એમના કન્સલ્ટન્ટ એન્જિનિયર મિત્ર મહેન્દ્રભાઇ મહેતાએ ઉકેલ શોધી કાઢ્યો કે ગેલેરીના એક જ થાંભલા પર કેન્ટીલીવર પદ્ધતિથી ૨૮ ફૂટ પાછળ અને ૮૨ ફૂટ આગળ છાપરાં ઝુલાવી દો... જો કે આ રીતે ઝુલાવી દીધેલાં છાપરાંને એકમેક સાથે ફીટ કેમ કરવા એની સમસ્યા સામે આવી. પરદેશમાં તો આવાં ફિટિંગ માટે ''સ્પેઇસ ફ્રેમ'ની ટેકનિક અજમાવવામાં આવે છે જેમાં એક ખાસ પ્રકારના બોલ એકબીજા સાથે જોડો એટલે આખી ફ્રેમ તૈયાર થઇ જાય. પરંતુ આવી વિશાળ ફ્રેમ જોડવા માટે વિદેશથી ખાસ સાધનો આયાત કરવા પડે તેમ હોવાથી એવો નિર્ણય લેવાયો કે વેલ્ડિંગ કરીને જ કામ ચલાવવું. નિર્ણય તો લેવાયો પણ એ જ નિર્ણયે ખરેખરી કટોકટી સર્જી દીધી. વેલ્ડિંગથી છાપરાં જોડી આપવાનું કામ જેમણે હાથમાં લીધું એ બધાએ દોઢ મહિનાની મહેનત પછી નાસીપાસ થઇને છોડી દીધું. અને જાણે ઇડન ગાર્ડન્સનું કામ ગુજરાતીઓના સહકાર વગર પૂરું જ નહીં થવાનું હોય તેમ હસમુખ પટેલે અમદાવાદના 'પિના ફેબ્રિકેટર્સ'વાળા ભરતભાઇ શાહની મદદ લીધી. ભરત શાહના ૨૦૦ જણાના કાફલાએ રાઉન્ડ ધ ક્લોક કામ કરીને ફાઇબરનાં છાપરાં ફીટ કરી આપ્યાં. વચ્ચે કોઇ પણ ટેકો ન હોવા છતાં કલકત્તાનો ઝૂલતો હાવરા બ્રિજ જગતની એક અજાયબી ગણાય છે તેમ ઇડન ગાર્ડન્સનાં નીલ રંગી રુફ પણ આજ અજાયબી બની ગયા છે !

જો કે આ હસમુખ પટેલની આફ્રીન પોકારી જવાય એવી કમાલ તો ઇડન ગાર્ડન્સના પ્રેસ બોક્સમાં જોવા મળે છે. દેશ પરદેશના પત્રકારો જ્યાં ઠઠ્ઠ જમાવવાના હોય, ક્રિકેટના ખેરખાં વિવેચકો જ્યાં બેસીને અહેવાલ મોકલવાના હોય તેમના માટે તો અત્યંત આધુનિક પ્રેસ બોક્સ જોઇએ. સ્ટેડિયમના એક ખૂણે પ્રેસ બોક્સ બાંધી આપો તે ન ચાલે. મેચ જ્યાંથી બરાબર જોઇ શકાય-માણી શકાય તેવી જગ્યા પત્રકારોને ફાળવવી પડે. ઉપરાંત ૨૦૦થી વધુ પત્રકારોનો સમાવેશ કરવાનો હોવાથી સાંકડું બોક્સ પણ ન ચાલે. ગ્રાઉન્ડ લેવલ પર પ્રેસ બોક્સ બનાવો તો દર્શકોની ઘણી બધી સીટો કાઢી નાખવી પડે. પત્રકારોને શ્રેષ્ઠ સુવિધા કેમ આપવી તેની ગડમથલમાં ગૂંચવાઇ ગયેલા સી.એ.બી.ના દાલમિયાએ વાતવાતમાં હસમુખ પટેલને કહી નાખ્યું : હસમુખ, પ્રેસ બોક્સ આપણને આડું આવ્યા કરે તેના કરતાં એને ઉપર જ લટકાવી દે ને ! દાલમિયાનું 'હેંગ ઇટ અપ... ઉપર લટકાવી દે' વાક્ય હસમુખ પટેલને એક ગજબનો તુક્કો સુઝાડી ગયું. એમણે ખરેખર પત્રકારોને ઊંચે 'લટકાવી' દેવાની ડિઝાઇન ઘડી કાઢી. સામાન્ય દર્શકોને આ પ્રેસ બોક્સ અંદરથી જોવાની તક નહીં મળે પણ અંદર બેસવાનો જે પત્રકારોને ચાન્સ મળશે એ એમના માટે આહ્લાદક અનુભવ નીવડશે. ક્લબ હાઉસની ઉપર ઝૂલતો આ વિશાળ પ્રેસ બોક્સ સંપૂર્ણપણે એરકન્ડિશન્ડ છે. ૨૧૦ જેટલા પત્રકારો નિરાંતે બેસીને કોઇ પણ જાતની અડચણ વગર કામ કરી શકે તે માટે ચેર- રાઇટિંગ ટેબલ, ટેલેક્સ, ટાઇપરાઇટર અને ટેલિફોનની સગવડતા ઉપરાંત નજર સામે રમાતી મેચને નજીકથી નિહાળવી હોય તો સાત કલર ટીવી સેટ પણ ત્યાં ગોઠવવામાં આવ્યા છે. પ્રેસ ગેલેરીમાં પત્રકાર ચાર ભાષામાં કોમેન્ટ્રી સાંભળી શકે તેવી ફોર-ચેનલ વ્યવસ્થા પણ છે !

પોલિયાગ્રસ્ત પુત્રને આરામદાયક સરકારી નોકરી મળે તે માટે પિતાએ એને આર્કિટેક્ટ બનાવ્યો, પણ પિતાને ક્યાં ખબર હતી કે મેટ્રિકમાં બબ્બે વાર ફેલ થયો હોવા છતાં પુત્ર હસમુખ વર્ષો પછી લાકડીના ટેકે દોડાદોડી કરીને કેવી અજોડ સિદ્ધિ મેળવશે...

જો કે વિધિની ખરી વિચિત્રતા જેવી એક ઘટના આ જ હસમુખ પટેલ સાથે હમણાં જ બની.

ન્યુઝીલેન્ડ-ઝિમ્બાબ્વેની મેચ ચાલતી હતી ત્યારે ઇડન ગાર્ડન્સના પ્રેસ બોક્સમાં ડોકિયું કરવાની ઇચ્છા સાથે હસમુખ પટેલે તેમાં પ્રવેશ કર્યો ત્યાં એમને અંદર પ્રવેશતા અટકાવીને એક પત્રકારે રોફથી કહ્યું : 'એઇ મિસ્ટર, ખબર છે આ પ્રેસ બોક્સ છે ?! અહીં પત્રકાર સિવાય બીજા કોઇને આવવાની સખત મનાઇ છે !'

ઇડન ગાર્ડન્સના અફલાતૂન પ્રેસ બોક્સના સર્જકને જ પ્રેસ બોક્સમાં પ્રવેશ મળ્યો નહીં એ વાત હસતાં હસતાં યાદ કરી ખેલદિલીપૂર્વક હસમુખ પટેલ કહે છે : 'એને ખબર નહોતી કે હું કોણ છું. ખેર, આ જ તો મઝા છે જિંદગીની... ઇટ્'સ એ પાર્ટ ઓફ ધ ગેઇમ...!'